## ડાયરેક્ટ ❤ સે

તમારા વિચારો પર ધ્યાન રાખો
એ શબ્દો બની જતા હોય છે
તમારા શબ્દો પર ધ્યાન રાખો
એ કર્મ બની જતા હોય છે
તમારા કર્મ પર ધ્યાન રાખો
એ આદત બની જતા હોય છે
તમારી આદત પર ધ્યાન રાખો
એ ચરિત્ર બની જતી હોય છે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન-૨**
દંગલ
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦

**સ્ક્રીન-૩**
અસાસિન્સ ક્રીડ
(હિન્દી, ૩ડી)
૧.૦૦, ૫.૩૦, ૧૦.૦૦
અસાસિન્સ ક્રીડ
(અંગ્રેજી, ૩ડી)
૩.૧૫, ૭.૪૫

**સ્ક્રીન-૪**
બેફિકરે
૧૨.૪૫, ૬.૪૫
કૂખ
૪.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૫**
દંગલ
૧૦.૦૦, ૨.૩૦,
૫.૩૦, ૧૦.૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

# અમદાવાદ કાંકરિયા કાર્નિવલમાં વેણુ ભારતીના કલાકારો ઝળક્યા



શહેરની સૌથી જૂની કલાસંસ્થા વેણુ ભીરતીના કલાકારો દ્વારા કાંકરિયા કાર્નિવલ ખાતે રાસ, ગરબા, ટીપ્પણી, લાવણી જેવાં લોકનૃત્યો રજૂ કરી પ્રેક્ષકોની ભરપૂર દાદ મેળવી હતી.

# સરકારી વિજ્ઞાન કૉલેજ ખાતે જિલ્લા કક્ષાની વક્તૃત્ત્વ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કૉલેજ ખાતે કૉલેજના ઍનઍસઍસ એકમ અને નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે બાયસૅગ હૉલ ખાતે 'દેશભક્તિ અને રાષ્ટ્રનિર્માણમાં યુવાનોનો ફાળો' વિષયે જિલ્લાકક્ષાની વક્તૃત્ત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે કૉલેજના આચાર્ય ડૉ. કે જી છાયા, ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર ડૉ. યુ પી તરપદા, નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધાના નિર્ણાયકો તરીકે કુંતલ નિમાવત, મુક્તિ વૈષ્ણવ તથા ડૉ. ચેતન ચૌહાણે પોતાની સેવાઓ આપી હતી. કૉલેજના વિદ્યાર્થીઓ તથા સ્ટાફ ગણ પણ આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યો હતો. વિદ્યાર્થીઓને સંબોધન કરતાં ડૉ. કે જી છાયાએ દેશભક્તિ અને રાષ્ટ્રનિર્માણમાં વિદ્યાર્થીઓ કઈ રીતે જોડાઈ શકે તે વિષે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સ્પર્ધામાં જિલ્લાની વિવિધ કૉલેજીસના ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજની વિદ્યાર્થીની અંજલિ પટેલ પ્રથમ અને પુનમ સોની દ્વિતિય અને સરકારી વિજ્ઞાન કૉલેજની વિદ્યાર્થીની ઉન્નતિ તૃતિય સ્થાને વિજેતા બની હતી. કૉલેજ પરિવારે ત્રણેય વિદ્યાર્થીનીઓને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

# જિલ્લા સ્કાઉટ-ગાઈડના વિદ્યાર્થીઓની રાજયપાલ પુરસ્કાર પરીક્ષા યોજાઈ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર જિલ્લાના સ્કાઉટ-ગાઈડના વિદ્યાર્થીઓની રાજયપાલ પુરસ્કાર પરીક્ષા તા. ૨૦ ડિસેમ્બરના રોજ માઉન્ટ કાર્મેલ હાઈસ્કૂલ ખાતે યોજાઈ હતી.

પરીક્ષા લેવા માટે રાજયસંઘ અમદાવાદ ખાતેથી રેખાબેન જાદવ અને રણછોડભાઈ પટેલ આવ્યા હતા. સ્કાઉટ-ગાઈડના વિદ્યાર્થીઓની લેખિત અને મૌખિક પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળા તથા શ્રીમતી એસ.બી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ રાવલ હાર્દિ બી., રાવ ઋષાલી આર., પ્રજાપતિ આકાંક્ષા એ., પારેખ ખુશી જે. અને ચૌધરી પંકિત જી.એ ભાગ લીધો હતો. પરીક્ષા આપવા જનાર તમામ વિદ્યાર્થીનીઓને શાળાના આચાર્ય તથા માધ્યમિક વિભાગના સુપરવાઈઝર ગીતેશભાઈ તથા શાળાના સ્ટાફ અને મિત્રોએ વિદ્યાર્થીનીઓને શુભેચ્છા પાઠવી હતી. પરીક્ષા માટે વિદ્યાર્થીનીઓ સાથે મંજુલાબેન ચૌધરી હાજર રહ્યા હતા.

# પૂ. છગનભા રમતોત્સવમાં સી એમ હાઈસ્કૂલ ઝળકી





ગાંધીનગર, તા. ૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી દ્વારા પૂ. છગનભા રમતોત્સવ કડી ખાતે ૨૪મી ડિસેમ્બરના રોજ યોજવામાં આવ્યો હતો. આ રમતોત્સવમાં કડી અને ગાંધીનગર કેમ્પસની તમામ શાળાઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રમતોત્સવમાં વિવિધ પ્રકારની રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેવી કે ગોળાફેંક, રાયફલ શુટીંગ, કરાટે, સ્કેટિંગ, કેરમ, વકતૃત્વ સ્પર્ધા, ચેસ વગેરે. જેમાં શેઠ સી.એમ. હાઈસ્કૂલ સે-૨૩ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ અનેક રમતોમાં સુંદર પ્રદર્શન કરીને જીત હાંસલ કરી હતી. જેમાં ધો-૧૦માં અભ્યાસ કરતા પટેલ હેતે ૧૦૦ મીટર દોડમાં ત્રીજો નંબર, પાઠક રૂદ્ર એ ચેસમાં પ્રથમ નંબર, પારેખ યુગે રાયફલ શુટીંગમાં પ્રથમ નંબર તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી ધો-૧૨માં અભ્યાસ કરતા ગોસ્વામી ધવલે ચેસમાં ત્રીજો નંબર અને કરાટેમાં પટેલ પુજને બીજું સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યું હતું.

આ વિદ્યાર્થીઓને માર્ગદર્શક તરીકે શાળાના વ્યાયામ શિક્ષક લાભુભાઈ એસ. દેસાઈ, સંજયભાઈ આર. પટેલ, અશોકગીરી ગોસ્વામી તથા ઉચ્ચતર વિભાગમાં હિરેનભાઈ પટેલ, સંદિપભાઈ ચૌહાણે જવાબદારી નિભાવી હતી. તમામ વિદ્યાર્થીઓએ અને તૈયાર કરાવનાર તમામ શિક્ષકોને શાળાના આચાર્યએ અભિનંદન પાઠવ્યા હતા.

# લીંબોદરા હાઈસ્કૂલમાં દાતાઓના સન્માન માટે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

શ્રી પી.પી.આર. શાહ હાઈસ્કુલ લીંબોદરા ખાતે શેઠ મૂળજીભાઈ ચૌધરી-બાલવા-હાલ યુએસએ અને તેમના પુત્ર નિમેષભાઈ ચૌધરી-દાતાશ્રીઓનો સન્માન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શાળાના ટ્રસ્ટીઓ તથા શ્રી પી.પી. આર. શાહ હાઈસ્કૂલના તમામ દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ શાળાના હોલમાં રાખવામાં આવ્યો હતો.

ગામના અગ્રણી આગેવાનો તથા વાલીઓની ઉપસ્થિતિમાં શાળાના આચાર્ય તેજસિંહ પરમારે સ્વાગત પરિચય કરાવી તમામ ટ્રસ્ટી તથા દાતાશ્રીઓનું સ્વાગત કર્યું હતું. દાતા મૂળજીભાઈ ચૌધરીએ પ્રાસંગિક ઉદબોધન કરી બાળકોને પ્રેરણા આપી હતી. જયારે કાર્યક્રમના અંતમાં શાળાના શિક્ષક વિશાલ થોરાતે આભારવિધિ વ્યકત કરી હતી.



સચિવાલય એન્ડ એલાઈડ ઓફિસીસ સ્ટેનોગ્રાફર્સ એસોસિએશન દ્વારા તા :૨૩ થી ૨૫ ડિસેમ્બર, ૨૦૧૬ એમ કુલ ૩ દિવસનો કચ્છ જિલ્લાના પ્રવાસનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સચિવાલયના વિવિધ વિભાગોના ૨૦ જેટલા સીનિયર સ્ટેનોગ્રાફર્સના પરિવારજનો સહિત કુલ ૫૬ વ્યક્તિઓએ ભાગ લીધો હતો. આ પ્રવાસમાં સફેદ રણ, કાળો ડુંગર, કચ્છ સરહદ, ધોરડો, વિજય વિલાસ પેલેસ, ગોધરા અંબે ધામ, માતાનો મઢ, નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવ અને અંજાર જેવા સ્થળોની મુલાકાત લીધી હતી. સમગ્ર પ્રવાસનું આયોજન પ્રમુખ અશ્વિન ગાંધી, મહામંત્રી વત્સલ વોરા, સલાહકાર યોગેશ શાહ, આંતરિક ઓડિટર હરેશ સોની તેમજ સભ્ય અજય રાણાએ સફળતાપૂર્વક કરેલ હતું.

# રિધમ ઑફ રણ : જોડિયા પાવા, સંતાર, નોબત, મોરચંગ જેવાં દેશી વાદ્યોની ધૂન




સમી સાંજે મંદિરમાં ઘંટારવ બાજે અને નોબત પર દાંડી પડે ને જે ભક્તિનો માહોલ છવાય અદલ એવો જ પવિત્ર માહોલ અને કર્ણપ્રિય ગુંજારવનો નાદધ્વનિ શનિવારે ટાઉનહૉલમાં ગૂંજી ઊઠ્યો હતો. કચ્છના કલાકારોનાં કામણ સમા 'સરહદના સૂર' કાર્યક્રમમાં જોડિયા પાવા, સંતાર, નોબત, શરણાઈ, મોરચંગ જેવાં વિસરાઈ ગયેલાં વાદ્યોએ એમનાં મધુરા ધ્વનિ સાથે અસલ ગામઠી પરિવેશનું સર્જન કર્યું હતું. સ્મિત સહ સહજતાથી વગાડેલાં વાદ્યો કે છેડેલી તાન સીધી જ હૃદય સુધી પહોંચતી હતી.

કલાગુર્જરી અને સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત આ અનોખી માટીના કલાકારોને પોંખવાનો નોખો કાર્યક્રમ માણવા જેવો બન્યો. સામાન્ય રીતે મહેફિલમાં ગીતોની વાતો થાય છે, પણ અહીં કલાકારોનાં નામજોગ એમની કલાની પ્રશસ્તિ કરવાની ઈચ્છા રોકી શકાય એમ નથી.

અઢી દાયકાથી જેમનો શાસ્ત્રીય સૂર લયબદ્ધ અને કર્ણપ્રિય છે એવાં કાજલ છાયા પંડિત ઓમકાર ઠાકુર શાસ્ત્રીય સંગીત સ્પર્ધાનાં શ્રેષ્ઠ સાધક તરીકે પુરસ્કૃત છે. તાના રીરી સંગીત મહોત્સવમાં વડનગરના આંગણે એમણે કલાપ્રસ્તુતિ કરી એ એમનું પ્રમાણપત્ર છે. અહીં એમણે મન લાગો યાર ફકીરી મેં, છાપ તિલક સબ છીની મોસે નૈના મિલાઈ કે... લંબી જુદાઈ... માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો... દમા દમ મસ્ત કલંદર અને કચ્છી ગીત ગજીયો મુંજો જર ઝલાણો.ય.. જેવાં ગીતો સાથે ધમાલ મચાવી દીધી.

કચ્છના પ્રચલિત સંગીતકાર કૌશલ છાયાએ આ કાર્યક્રમનું સંગીત સંચાલન કર્યું હતું. એમણે વચ્ચે બે વાર ચાન્સ મળતાં ચાલ ભેગા થઈએ, બધી ચિંતા બાજુએ મૂક.... અને સૌને મારા સાલ મુબારક... જેવી કવિતા પ્રસ્તુત કરી હતી.

રામાપીરનાં આખ્યાનો કે જેને ખરા અર્થમાં ભજનીક કહેવાય છે એવા કલાકાર હિરાભાઈ ખજૂ મારવાડા એમના વાદ્ય સંતાર સાથે સાચ્ચે જ કામણ પાથરી ગયા. પ્રસન્ન સમિત સાથે મીઠો અવાજ અને સંતાર પરથી ઊઠતો મધુરો ધ્વનિ - યાદગાર. સ્વર અને સંગીત બંને આત્મસાત કરેલાં. કચ્છમાં ફરતા ઓલિયા જેવા કચ્છી ગીત અને મોટી ટાણું જેવાં દેશી મધ જેવાં ગીતો શબ્દોમાં સમજ ન પડે તો પણ માણવા જેવાં હતાં.



અલગ-અલગ સૂર અને સ્કેલ, એક જ ફૂંકમાં બે અલગ અવાજ કાઢવાની કલા એટલે જોડિયા પાવા. કચ્છ અને રણપ્રદેશની આગવી ઓળખ સમા રવાભાઈ વાઢાએ મોજ કરાવી અને સાથ મળ્યો રિધમિસ્ટનો એટલે આ સંગત બની ગઈ રિધમ ઑફ રણ. રવાભાઈનો આ કલાવારસો પેઢી દર પેઢી ચાલતો આવ્યો છે. પાયલિયા જનકારે મોરી... સાથે રાગ પુરીયા ધનાશ્રીનું ફ્યુઝન અફલાતૂન હતું. કાજલ છાયાની સાથે એમનો વિશારદની પૂર્ણતા તરફ પહોંચેલો દીકરા દક્ષ છાયાએ ઈન્ડિયન ક્લાસીક સાથે વૅસ્ટર્નની રિધમ પર તાન છેડી. દક્ષે કૈલાસ ખેરનું સૈંયા અને રેફ્યુજી ફિલ્મનું પંછી, નદિયાં, પવન કે ઝોંકે... પ્રસ્તુત કરીને પોતાની અંદર ઊભરતા કલાકારનાં દર્શન કરાવ્યાં.

રફીની જન્મજયંતિને યાદ કરતાં જીતેન કટ્ટાએ ઈક હસીં શ્યામ કો દિલ મેરા ખો ગયા... ગાયું તો કાર્યક્રમના સૂત્ર સંચાલક જીગર રાણાએ કૈલાશ પંડિતનો જન્મદિવસ યાદ કરી દર્દને ગાયા વિના રોયા કરો...નો ઉલ્લેખ કર્યો હતો.

કચ્છનાં લોકવાદ્યોને સાચવવાં અને આગળ ધપાવવાં જેમણે ભેખ ધર્યો છે એવા ઉમેશ જડિયાએ મોરચંગ, ભોરિંદો અને સિસોટી અદ્ભૂત વગાડ્યાં. લગાન ફિલ્મ વખતે એ આર રહેમાને મોરચંગનો સ્વર રૅકર્ડ કર્યો હતો. મોરચંગ વગાડતાં આ કચ્છના એકમાત્ર કલાકાર છે. એમણે એમનાં કલેકશનમાં ઈન્ડોનેશિયા, વિયેતનામ, સાઈબેરિયા, થાઈલેન્ડ, ફ્રાંસના બાંબુ, બ્રાસ કે સીમકાર્ડના મટીરિયલમાંથી બનેલાં મોરચંગ વગાડી વાહ મેળવી લીધી. હમણાં જ આવેલી ફિલ્મ મોહેં જો દરો ફિલ્મમાં વગાડાયેલું વાદ્ય ભોરિંદો એમણે વગાડ્યું હતું.

કચ્છમાં ભૂજમાં લંઘા કોમની આખી શેરી છે, જેમાં વસતા દરેક પિરવારમાં કલાકારો છે. એ પૈકી આસિફ અને ફઝલ સોરઠિયાએ ઑક્ટોપેડ, તબલાં, ડફલી સાથે જે ઍનર્જીથી પરફોર્મન્સ આપ્યું એ કાબિલે દાદ હતું. લંઘા કોમનો નાની ઉંમરનો કલાકાર અકીલે પણ ઢોલક અને નોબતના ધ્વનિથી માહોલ બનાવી દીધો.

લે હૂબહૂ આ શખ્સ માણસની અવેજી, દિવાસળીનો દોસ્ત બાકસની અવેજી... એવી મદનકુમાર અંજારીયાની પંક્તિ સાથે સતત કચ્છની ધરતી, કલાકારો અને વાતો વચ્ચે રાખનાર જીગર રાણાએ કાર્યક્રમનું સંચાલન કર્યું. ભવન્સ કલ્ચરલ સૅન્ટરના નિયામક તરીકે કાર્યરત જીગર રાણા નાટ્ય લેખક પણ છે. વિસરાઈ જતી કળાના જાહેર કાર્યક્રમો તેઓ યોજી રહ્યા છે ત્યારે સ્ટેજ પર માત્ર કચ્છી કલાકારોની કૉરમ અને એમને બૅલેન્સ કરવાનું સુંદર કાર્ય એમણે કર્યું.

હમ દિલ દે ચુકે સનમ, લગાન, રેફ્યુજી અને છેલ્લે મોહેં જો દરો જેવી ફિલ્મો કચ્છની ધરતી પર બની છે. કાર્યક્રમના અંતમાં મિલે સૂર મેરા તુમ્હારા તો સૂર બને હમારા... ફૂલ લૅન્થમાં દરેક ભાષાની લાઈન સાથે ગાઈને શ્રેષ્ઠ ભારતનાં દર્શન સાથે આ કચ્છી માડુઓએ ગુજરાતની ખુશ્બુની જાણે મહેફિલ સજાવી દીધી. એક સુંદર, સફળ પ્રયોગ. સરહદના છેવાડાના કલાકારોની પ્રસ્તુતિ સુરીલી, મધુરી બની રહી.

# શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે સુરક્ષા સેતુ રથનો નિદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૩૧

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સૅકટર-૩૦ ખાતે ગાંધીનગર જિલ્લા પોલીસ વડા કચેરીના સંયુક્ત ઉપક્રમે સુરક્ષા સેતુ રથનો ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શાળાના ઍનપીસીના કુલ ૧૩૨ જેટલા સ્ટુડન્ટ પોલીસ કૅડેટ્સ તથા અંદાજે ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ સુરક્ષા સેતુ રથનું નિદર્શન કર્યુ હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય યુવરાજસિંહ વાઘેલાએ ઉપસ્થિત અતિથિઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. તેમણે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરક્ષા સેતુ પ્રૉજેક્ટ અંતર્ગત સમગ્ર ગુજરાતમાં પોલીસ દ્વારા સમાજના પ્રજાજનો અને પોલીસ વચ્ચેનું અંતર ઘટે તેવા કાર્યક્રમોનું નિરંતર આયોજન કરવામાં આવી રહ્યું છે. પોલીસ પ્રજાના મિત્ર છે. સમાજમાં કાયદો અને વ્યવસ્થાને સુચારુ રીતે સ્થાપિત કરવામાં પોલીસની મહત્ત્વની ભૂમિકા રહેલી છે. સુરક્ષા સેતુ પ્રૉજેક્ટ સમાજ અને પોલીસને નજીક લાવવાનું કામ કરે છે.

## જન્મદિને વધામણી



ચંદ્રસિંહ આર બિહોલા
મો. ૯૪૨૬૨ ૮૨૮૨૧



ભગવાનભાઈ કા ગોહેલ
મો. ૯૯૭૮૪ ૪૨૦૪૪



પંઢરીનાથ શંકરરાવ જગતાપ
સે. ૨૮ પ્રતિનિધિ, સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ
મો. ૯૮૨૫૦ ૨૯૨૦૪



ગાયત્રી ગૌરીશંકર શ્રીમાળી
મો. ૯૮૭૯૭ ૫૬૨૮૨



રમેશસિંહ રાવત
(આશાપુરા સિક્યુરિટી)
મો. ૭૦૫૪૬ ૪૮૭૨૬



ભીખુસિંહ ટી વાઘેલા



મધુબેન દુષ્યંતકુમાર શ્રીમાળી
મો. ૯૬૨૪૧ ૧૬૭૨૫



મોહંમદહમઝા ઐયુબમિંયા શેખ
મો. ૯૬૨૪૧ ૧૬૭૨૫